# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-08-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

- ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત એવા 45 તાલુકાઓના ખેડૂતો માટે રાજ્ય સરકાર દ્વારા 350 કરોડ રુપિયાનું રાહત પેકેજ જાહેર..
- કૌભાંડીઓ, ભુમાફીયાઓ, ડ્રગ માફીયાની સંપતિ જપ્ત કરવા ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક ગુજરાત વિધાનસભામાં પસાર..
- આજે દિવસ દરમિયાન મધ્ય ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે જળબંબાકાર.. આવતીકાલે સુરતમાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ..
- ઉપરાષ્ટ્રપતિ જગદિપ ધનખડે અમદાવાદમાં જણાવ્યું છે કે, શાંતિ અને મધ્યસ્થી દ્વારા સંઘર્ષનો ઉકેલ લાવી શકાય છે.
- બહુચરાજી મંદિરના પુનઃ નિર્માણની કામગીરીનું ખાતમુહૂર્ત કરતા મુખ્યમંત્રી... પ્રથમ તબક્કામાં શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઇંચ સુધી વધારાશે..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAHAT PACKAGE

રાજ્ય સરકારે ખેડૂતોને આર્થિક સહાય આપતું ૩૫૦ કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે. વિધાનસભા ગૃહમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે આ રાહત પેકેજની જાહેરાત કરી છે.

તેમણે કહ્યું કે, રાજ્યના ૪૫ તાલુકાઓનો ૪ લાખ છ હજાર ૮૯૨ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારના આશરે એક લાખ પચાસ હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, અસરગ્રસ્ત ખેડૂતોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણ મુજબ, પાક નુકશાની માટે સહાય અપાશે. આ ઉપરાંત બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે ૨૨ હજાર ૫૦૦ પ્રતિ હેક્ટર લેખે મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

આ ઉપરાંત જે કિસ્સામાં સહાય ચૂકવવા પાત્ર રકમ ૩ હજાર ૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા ૩ હજાર ૫૦૦ ચૂકવાશે તેમ કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું..

**(બાઇટ- રાઘવજી પટેલ)**

# VIDHANSABHA- VIDHEYAK PASAR

ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક અને ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક એમ બે વિધેયકો આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં પસાર થયા.. ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક રજૂ કરતાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુનેગારોને ઝડપથી સજા અપાવવા તથા ગુનામાંથી ભેગા કરેલી મિલકતને જપ્ત કરવાના ઉદ્દેશથી આ કાયદો લાવવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું કે, અર્થવ્યવસ્થાને નુકશાન કરતા બુટલેગરો, જાહેર સેવકો, રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરનારા લોકો, ભુમાફીયાઓ, ડ્રગ માફીયાની સંપતિ જપ્ત

કરવા ગુજરાત વિશેષ કોર્ટનો કાયદો બન્યો છે.. આ કાયદો ગરીબો અને શોષિતોની સંપત્તિ પડાવીને એકઠી કરેલી સંપત્તિને ગુનેગારો પાસેથી જપ્ત કરાશે.. જે ગુનાઓમાં ૩ વર્ષથી વધુ સજાની જોગવાઇ હોય અને ગુનાઓ આચરીને મેળવેલી મિલકત એક કરોડથી વધુની હોય તે આરોપીને આ કાયદો લાગુ પડશે..

તો ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક વિધાનસભા ગૃહ ખાતે પસાર કરવામાં આવ્યું છે.. વિધાનસભા સત્રમાં ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક રજૂ કરતાં શિક્ષણ રાજ્યમંત્રી પાનસેરીયાએ જણાવ્યું હતું કે, આ સુધારા વિધેયક લાગુ થવાથી યુનિવર્સીટીના નામ તથા સ્થાન ફેરફાર કરવા જેવી બાબતોમાં સુધારો કરવા માટે વિધાનસભામાં લાવવાની જરૂર રહેશે નહિ.

તેમણે કહ્યું કે વિધાર્થીઓની ઉચ્ચ અભ્યાસની જરૂરિયાત પૂર્ણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, વર્ષ ૨૦૦૧માં ૧૩ યુનિવર્સિટીની સરખામણીએ વર્ષ ૨૦૨૪ માં ૧૦૮ યુનિવર્સીટી કાર્યરત છે. રાજ્યમાં વર્ષ ૨૦૦૧માં નવ મેડીકલ કોલેજો કાર્યરત હતી. જ્યારે હાલ રાજયમાં કુલ ૪૦ મેડીકલ કોલેજો કાર્યરત છે. જેમાં ૭ હજાર ૫૦ જેટલી એમ.બી.બી.એસ.ની બેઠકો છે.

## VIDHANSABHA ALLOVER

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે રાજ્યના બાળકોમાં થતી કોકલિયર ઇમ્પ્લાન્ટ સર્જરી બાદ પ્રોસસર બદલવા અંગે મહત્વની જાહેરાત કરી. વિધાનસભામાં તેમણે જણાવ્યું કે, જે બાળકોનું કોકલિયર ઇમ્પ્લાન્ટ કરાયું હોય અને કેટલાક કારણોસર આ પ્રોસેસરમાં ખામી સર્જાઇ હોય કે બંધ પડી ગયું હોય જેવા કિસ્સાઓમાં કોકલિયર ઇમ્પ્લાન્ટ પ્રોસેસરને સંપૂર્ણપણે વિનામૂલ્યે બદલી

આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. અગાઉ આવા લાભાર્થી પાસેથી કુલ ખર્ચના ૧૦% ફાળો લેવામાં આવતો હતો જે હવે વિનામૂલ્યે કરી આપવામાં આવશે. આ વર્ષે પ્રારંભિક તબક્કે ૭૦૦ જેટલા બાળકોને અંદાજીત ૩૫ કરોડ રૂપિયાના ખર્ચે આ પ્રોસસર બદલી અપાશે.

રાજ્યમાં ૧૦ હજાર ૩૦૦ થી વધુ પેકસ મંડળીઓ આવેલી છે, જેની સાથે અંદાજે ૨૭ લાખથી વધુ ખેડૂતો જોડાયા છે. વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં માહિતી આપતા સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, તમામ જિલ્લાઓમાં ૮૦ જેટલા સેમિનારોનું આયોજન કરાયું હતુ. પેક્સ દ્વારા મોડલ બાયલોઝ અપનાવવામાં સરળતા રહે તથા મંડળીઓની બાયલોઝ સુધારાની દરખાસ્તો મંજૂર થાય તે માટે તાલુકા કક્ષાએ ખાસ કેમ્પોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે..

તો ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભામાં ડ્રગ્સ વિરૂધ્ધ કરવામાં આવેલી કાર્યવાહી સંદર્ભે જણાવ્યું કે, કચ્છ, વલસાડ સહિતના જિલ્લાઓના દરિયાકિનારેથી છેલ્લા ૧૫ દિવસમાં અંદાજે ૮૫૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, છેલ્લા એક વર્ષમાં એનડીપીએસ એક્ટ હેઠળ ૪૩૧ આરોપીઓને પકડી અંદાજે ૫ હજાર ૬૪૦ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

## IMD AGAHI

ગુજરાતમાં આગામી ચાર દિવસ દરમિયાન કેટલાંક વિસ્તારોમાં અતિભારે, જ્યારે કેટલાંક સ્થળોએ ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે..

હવામાન વિભાગે આવતીકાલ માટે દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે જેમાં સુરતમાં અતિભારે વરસાદ વરસે તેવી પણ

શક્યતા દર્શાવીને રેડ એલર્ટ જાહેર કર્યુ છે..જ્યારે આવતીકાલ માટે જ સૌરાષ્ટ્રના ભાવનગર અને અમરેલીમાં અતિભારે વરસાદનુ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે મધ્યગુજરાત અને ઉત્તર ગુજરાત સહિતના અન્ય વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી પણ કરવામા આવી છે..

જ્યારે રવિવારે વલસાડ અને દાદરાનગર હવેલીમાં રેડ એલર્ટ જાહેર કરીને અતિભારે વરસાદની શક્યતા દર્શાવી છે.. જ્યારે અમરેલી અને ભાવનગરમાં ઓરન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે રાજ્યના અન્ય સ્થળોએ ભારે વરસાદ વરસે તેવી શક્યતા દર્શાવી છે..

# RAIN

ઉત્તર તથા મધ્ય ગુજરાતના અનેક જીલ્લાઓમાં આજે ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

અમદાવાદમાં આજે સતત બીજા દિવસે પણ ધોધમાર વરસાદ વરસ્યો. નરોડા, કુબેરનગર, કોતરપુર, મેમ્કો, સૈજપુર વિસ્તારમાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે પશ્ચિમ વિસ્તારના નારણપુરા, રાણીપ સહિતના વિસ્તારોમાં અડધા ઇંચ જેટલો વરસાદ નોંધાયો.

ગાંધીનગર જિલ્લાના દહેગામમાં ગાજવીજ સાથે એક કલાકમાં ત્રણ ઇંચ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતી સર્જાઇ.. ઘણા વિસ્તારોમાં પાણી ભરાતા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો..

અરવલ્લીના મોડાસા, માલપુર, ભિલોડા, મેઘરજ સહિત સાર્વત્રિક જીલ્લામાં  ધોધમાર વરસાદ વરસ્યો.. માલપુરમાં એક કલાકમાં પોણા બે ઇંચ વરસાદ વરસતા જનજીવનને અસર થઇ છે.

અંબાજીમાં પણ ભારે વરસાદ વરસ્યો હોવાના સમાચાર છે.

ખેડા જિલ્લામાં આજે બપોરે ફક્ત 2 કલાકમાં જ આશરે ત્રણ ઇંચ જેટલો વરસાદ પડતા ગરનાળા તથા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

પંચમહાલ જિલ્લામાં ગોધરા સહિતના પંથકમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

મહીસાગર જીલ્લામાં લુણાવાડા, સંતરામપુર, ખાનપુર બાલાસિનોર, કડાણામાં ધોધમાર વરસાદ પડ્યો હતો.

ગિરિમથક સાપુતારાના ઘાટમાર્ગમાં જમીન ધસી પડતાં તંત્ર દ્વારા ત્વરિત કામગીરી પુર્ણ કરી વાહનવ્યવહાર માટે રસ્તો ખુલ્લો કરાયો હતો. આહવા તાલુકામાં કુલ-૩ પશુઓ પાણીના પૂરમાં તણાઈ જવાથી મૃત્યુ પામ્યા હતા.

## VP – GUJARAT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે ગુજરાતમાં અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટિ ખાતે જણાવ્યું કે, શાંતિ અને મધ્યસ્થી દ્વારા સંઘર્ષનો ઉકેલ લાવી શકાય છે. ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય પરિષદમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સંબોધન કર્યું હતું..

તેમણે કહ્યું કે સમકાલીન વિશ્વમાં જ્યાં સમાજના નૈતિક પાયાને પડકારવામાં આવી રહ્યો છે.. ધર્મ અને ધમ્મ પર આંતરરાષ્ટ્રીય પરિષદની ૪મી આવૃત્તિનું ઉપરાષ્ટ્રપતિએ ઉદ્ઘાટન કર્યું હતું.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ પ્રસંગે હજાર રહ્યા હતા.આ અગાઉ આજે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સંબોધતા

ઉપરાષ્ટ્રપતિએ સમકાલીન કાનૂની વ્યવસ્થામાં ફોરેન્સિક સાયન્સની મુખ્ય ભૂમિકા પર ભાર મૂક્યો હતો. શ્રી ધનખડે  કહ્યું કે ફોરેન્સિક સાયન્સ એ માત્ર ટેકનિકલ ક્ષેત્ર નથી પરંતુ દેશની ફોજદારી ન્યાય પ્રણાલીનો આધારસ્તંભ છે. ઉપરાષ્ટ્રપતિએ ન્યાય અપાવવા અને કાયદાના શાસનને મજબૂત કરવામાં ફોરેન્સિક સાયન્સની ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો.

શ્રી. ધનખડે જણાવ્યું હતું કે, દેશની ફોજદારી ન્યાય પ્રણાલી તેની લોકશાહી અને તેના વિકાસને રાષ્ટ્ર તરીકે વ્યાખ્યાયિત કરે છે. ઉપરાષ્ટ્રપતિએ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે વૃક્ષારોપણ કર્યું હતું.

## CM BAHUCHARAJI

મહેસાણા જિલ્લાના પ્રસિધ્ધ યાત્રાધામ બહુચરાજીમાં બહુચર માતાના મંદિરના પુન: નિર્માણના પ્રથમ ફેઝની કામગીરીનું ખાતમુહૂર્ત શાસ્ત્રોક્ત વિધિથી સંપન થયું હતું. મુખ્યમંત્રી ખાતમુહૂર્ત માટે બહુચરાજી પહોંચ્યા હતા અને માતાજીને શીશ ઝુકાવ્યું હતું..

મુખ્યમંત્રીએ મંદિર પરિસર સહિત ત્રણે ફેઝની સમગ્ર પુન: નિર્માણ કામગીરીની બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. બહુચરાજી માતાજીના મંદિરના પુન: નિર્માણની પ્રથમ ફેઝની કામગીરી અંતર્ગત ૭૬ કરોડ ૫૧ લાખ રૂપિયાના ખર્ચે બહુચરાજી માતાજી મંદિરનું પુન:નિર્માણ કરી શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઇંચ સુધી વધારવામાં આવશે.

## MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત કાર્યક્રમ’ દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 113મો એપિસોડ હશે. આ કાર્યક્રમ આપ

આકાશવાણી, દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમ બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.